# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




### અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ વે પર ચિખોદરા ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો : નવ ઘાયલ

# આણંદ પાસે બસ પાછળ ટ્રક અથડાતાં 6ના મોત

**ટ્રકની ટક્કર એટલી** જબરજસ્ત હતી કે બસ ઉછળી ડિવાઇડ પર ચડી જતાં ત્યાં બેસેલા મુસાફરો પર ફરી વળી

**બસનું ટાયર ફાટતાં** તેને બદલવા ચાલક અને ક્લિનર કામ કરતાં હતાં તે સમયે અકસ્માત સર્જાયો





તસવીરઃ ફ્રાન્સીસ મેકવાન

(પ્રતિનિધિ) આણંદ તા.15

આણંદ શહેર પાસેથી પસાર થતાં એક્સપ્રેસ વે પર વ્હેલી સવારે 4 વાગ્યાની આસપાસ બસ પાછળ ધડાકાભેર ટ્રક ઘુસી જતાં છ વ્યક્તિના મોત નિપજ્યાં હતાં. આ અકસ્માતનું કરૂણતા એ છે કે, બસનું ટાયર ફાટતાં તેને બદલવા ચાલક અને ક્લિનર બસની નીચે ગયાં હતાં. જ્યારે મુસાફરો ડિવાઇડર પર બેઠાં હતાં. તે સમયે ટ્રકની જબરજસ્ત ટક્કર વાગતાં બસ ઉછળી મુસાફરો જ્યાં બેઠાં હતાં તે ડિવાઇડર પર ચડી ગઈ હતી. જેના કારણે છના મોત નિપજ્યાં હતાં. જ્યારે નવ જેટલી વ્યક્તિ ઘાયલ થઇ હતી. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

રાજસ્થાનના ખમનોર ગામના વતની અને હાલ મુંબઇ ખાતે સ્થાયી થયેલાં મયુર પ્રકાશચંદ્ર જૈન ખાનગી કંપનીમાં કમ્પ્લાયન્સ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમના પિતા પ્રકાશચંદ્ર, માતા પ્રેમાદેવી (ઉ.વ.51) તથા દાદા પૂનમચંદ હુકમચંદ જૈન (ઉ.વ.80) વતનમાં રહે છે. દરમિયાનમાં પ્રેમાદેવી તથા પૂનમચંદ દસેક દિવસ પહેલા મુંબઇ આવ્યાં હતાં અને તેમના વતન પરત જવા રાજમંદિર ટ્રાવેલ્સની બસ નં.એઆર 01 ક્યુ 5544માં નિકળ્યાં હતાં. આ બસ 15મી જુલાઈની વ્હેલી સવારે વડોદરા - એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થતાં હતી તે સમયે ચિખોદરા પાસે પોણા ચારેક વાગ્યે ડ્રાઈવર બાજુનું આગળનું ટાયર ધડાકાભેર ફાટ્યું હતું. જેથી ચાલકે બસને ડિવાઇડર પાસે જ ઉભી કરી દીધી હતી. બાદમાં ડ્રાઈવર અને ચાલક ટાયર બદલવાના કામમાં લાગ્યાં હતાં. આ દરમિયાન કેટલાક મુસાફર બસમાંથી ઉતરી આગળના ડિવાઇડર તરફ ગયાં હતાં. જેમાં મયુર, તેના દાદા તથા માતા પણ નીચે ઉતરી ખુલ્લી જગ્યામાં ગયાં હતાં. ડ્રાઈવર અને ક્લિનર બસની નીચે ટાયર બદલવાનું કામ કરતાં હતાં. અચાનક ચારેક વાગ્યે ટ્રક નં.જીજે 01 ઈટી 3117 પુરપાટ ઝડપે કાળ બની ધસી આવ્યો હતો અને એક જબરજસ્ત ધડાકા સાથે બસની પાછળ અથડાયો હતો. આ ટક્કર વાગતાં જ બસ આખી ફરી ગયેલી અને રોડની વચ્ચે આડી થઇ ગઇ અને આગળના ટાયર પાળી કુદી ડિવાઇડર પર ચડી ગઇ હતી અને ડિવાઇડર પર બેઠેલા મુસાફરો પર ફરી વળી હતી.

આ અકસ્માતના પગલે ધોરી માર્ગ પર ઘવાયેલા મુસાફરોની ચિચિયારીથી ગુંજી ઉઠ્યું હતું. આ બસ નીચે ક્લિનર અને ડ્રાઈવર આવી ગયાં હતાં. આ ઉપરાંત કેટલાક મુસાફરો પર પણ ફરી વળતાં મયુર સહિતના અન્ય મુસાફરો તુરંત મદદ ગામે દોડ્યાં હતાં. સ્થળ પર જ 5ના મોત જોવા મળ્યાં હતાં. જેમાં બે મહિલા, બે પુરૂષનો સમાવેશ થયો હતો. જ્યારે સાતેક મુસાફરને ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક હાઈવે પેટ્રોલીંગની જાણ કરવામાં આવી હતી. આ ઉપરાંત 108ને પણ જાણ કરતાં એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી અને ઘાયલોને સારવાર માટે કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જ્યાં રસ્તામાં પૂનમચંદનું મૃત્યું નિપજ્યું હતું. ઘાયલોને સારવાર માટે કરમસદ અને વડોદરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ બનાવની જાણ તથાં આણંદ ગ્રામ્ય પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં ટ્રક ચાલકની ગફલત બહાર આવતાં પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવથી વધુ એક વખત એક્સપ્રેસ હાઈવેની પેટ્રોલીંગ પર સવાલ ઉભા કર્યાં છે. જોકે, ટ્રક ચાલકની હાલત ગંભીર હોવાથી સારવાર હેઠલ ખસેડાયો છે.

**ઘવાયેલા મુસાફરો**

- રાજેશભાઈ ખત્રી
- મીનાબહેન રાજેશભાઈ ખત્રી
- અંબાલાલ કુમાવત
- સુરેશ નંદકિશોર
- વિષ્ણુ રંગલાલ જાટ
- કરણકુમાર અવધેશરામ (ટ્રક ડ્રાઇવર)
- સંતોષકુમારી ભરતસિંહ રાજપુત
- નારસીંગ લક્ષ્મણસિંહ નસારા
- મોતીલાલ ગુંદાભાઈ ડિંડોલ

**જીવ ગુમાવનારા હતભાગી**

- પ્રેમાદેવી પ્રકાશચંદ્ર જૈન (ઉ.વ.51) (રહે. રાજસ્થાન)
- પૂનમચંદ હુકમચંદ જૈન (ઉ.વ.80) (રહે. રાજસ્થાન)
- ભંવરલાલ ગીરધારી લાલ રાવ
- નૈનીદેવી હેનીસંગ
- રાજવીબહેન સુરેશભાઈ સુથાર
- સોનુ નારાયણ જાટ

### આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ વિપક્ષના જવાબ આપવામાં અટવાયાં

# 15મા નાણા પંચના 12.22 કરોડ પડી રહ્યાં

**લાંબા સમય બાદ** યોજાયેલી સામાન્ય સભામાં 31 કામો બહુમતીથી પસાર થયાં




(પ્રતિનિધિ) આણંદ તા.15

આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય સભા સોમવારના રોજ યોજાઇ હતી. આ સભા દરમિયાન વિપક્ષ નેતાએ અનેક પ્રશ્નમાં પ્રમુખને ગોટે ચડાવી દીધાં હતાં. ખાસ કરીને 15મા નાણા પંચ, આરોગ્ય, શિક્ષણના મુદ્દા પર સવાલોનો ધોધ વરસાવી દીધો હતો. જેના જવાબ આપવામાં પ્રમુખ પોતે કેટલીક વખત અસંમજસમાં મુકાઈ જતાં ખાસ કરીને 15મા નાણા પંચમાં સરકાર તરફથી મળેલા નાણામાંથી 12.22 કરોડ હજુ પડી રહ્યાં છે.

આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય સભા સોમવારના રોજ પ્રમુખ હસમુખભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેમાં ઇન્ચાર્જ ડીડીઓ જે.વી. દેસાઇ હાજર રહ્યાં હતાં. આ સભામાં કુલ 31 કામો મુકાયાં હતાં. જેમાં મોટા ભાગના બહુમતીથી પસાર થયાં હતાં. જોકે, પ્રશ્નોત્તરી કાળ દરમિયાન વિપક્ષ નેતા નટવરસિંહ મહિડાએ 15મા નાણા પંચ, શાળાના ઓરડા, આરોગ્ય સહિતના મુદ્દે વિવિધ પ્રશ્નો ઉઠાવ્યાં હતા. જેમાં જિલ્લા પંચાયતમાં 15મા નાણાપંચની કેટલી રકમ આવી છે ? કેટલી વપરાઈ છે ? કેટલી બાકી છે ? તે અંગે સવાલ કરતાં પ્રમુખે 15મા નાણા પંચમાં 2020-21થી 2023-24 સુધીમાં કુલ 32.65 કરોડ ગ્રાન્ટ મળી છે. જેમાં 20.43 કરોડ વપરાયાં છે. જ્યારે 12.22 કરોડ હજુ પડી રહ્યાં હોવાનો જવાબ આપ્યો હતો.

આ સામાન્ય સભામાં મહિલા અને બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિની પુનઃ રચના કરવા, ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિની પુનઃ રચના કરવામાં આવી હતી. તેવી જરીતે નવીન વાહન ખરીદ કરવા તથા વર્ષ 20231-22સ 2022-23, 2023-24ના જિલ્લા પંચાયત સભ્યના (સભ્ય ગ્રાન્ટ) વિકાસના કામો સ્પીલ ઓવર કરવામાં આવ્યાં હતાં.

**આણંદ જિલ્લામાં 47 તલાટીની ઘટ પડી**

આણંદ જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા નટવરસિંહ મહિડાએ દસ હજારથી વધુ વસતી વાળા ગામમાં ઇન્ચાર્જ તલાટી મુકવાથી પડતી હાલાકી અંગે રજુઆત કરી હતી. આ રજુઆતમાં તેઓએ ગામના નામ દીધા વગર જણાવ્યું હતુ કે, ગામમાં છેલ્લા પાંચ મહિનામાં પાંચ તલાટી બદલાઇ ગયાં છે. આ ગામ મોટું હોવાથી અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ રજુઆત અંગે પ્રમુખે યોગ્ય કરવા ખાતરી આપી હતી. પરંતુ જિલ્લામાં હાલ 47 તલાટીની ઘટ હોવાનું પણ તેમણે જણાવ્યું હતુ. જેમાં બોરસદ તાલુકામાં 7 ગામ ઇન્ચાર્જ હવાલે છે.

# વીરપુરની રણજીતપુરા શાળામાં વાલીઓએ તોડફોડ કરતાં ફરિયાદ

**શિક્ષકે** સરકારી રેકર્ડને નુકશાન કર્યાની ફરિયાદ આપી

(પ્રતિનિધિ) વીરપુર તા.15

વીરપુર તાલુકાના રણજીતપુરા હાઈસ્કૂલમાં શનિવારના રોજ વાલીઓએ હોબાળો કર્યો હતો. જોકે, વીરપુર પોલીસ મથકે વાલીઓ સામે તોડફોડ સહિતના મામલે ગુનો નોંધાયો હતો.

વીરપુરની રણજીતપુરા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં પ્રશાંત વિઠ્ઠલદાસ પટેલ 13મી જુલાઈના રોજ ફરજ પર હાજર હતાં તે સમયે દસથી પંદર જેટલા વ્યક્તિએ ધસી આવ્યાં હતાં. આ શખ્સોએ પ્રશાંતને બહાર બોલાવી અપશબ્દ બોલી અમારા બાળકોને તમારી શાળામાં ભણવા મોકલીએ છીએ અને તમે ભણાવતા નથી. તમે શાળામાં શુ કરો છો ? અમે બધા જાણીએ છીએ. તેમ કહેવા લાગ્યાં હતાં. આતી, પ્રશાંત તુરંત આચાર્યની ઓફિસમાં જતાં રહ્યાં હતાં. પરંતુ શાળાના કેમ્પસમાં મોટી સંખ્યામાં વાલીઓ ભેગા થઇ ગયાં હતાં અને સ્ટાફ રૂમમાં મંડળના પ્રમુખ, મંત્રી સાથે બેઠક બોલાવી મામલા અંગે ચર્ચા કરી હતી. આ ચર્ચા દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ સ્ટાફ રૂમમાં હિંસક હુમલો કરી ફર્નીચર તથા રેકર્ડને નુકશાન કર્યું હતું. આ ઉપરાંત પ્રશાંતને ખેંચી તેને માર મારવા લાગ્યાં હતાં. આ ઉપરાંત શાળા પર પથ્થરમારો પણ કર્યો હતો. આથી, આચાર્ય રાજેન્દ્ર સેવકે તુરંત પોલીસને જાણ કરતાં પોલીસની ટીમ ધસી આવી હતી. જોકે, મામલો શાંત પડવાના બદલે વધુ હિંસક બન્યો હતો. જેમાં સરકારી વાહન નં.જીજે 18 જીબી 6983 પર પણ પથ્થરમારો કરતાં કાચ તુટી ગયો હતો. જોકે, પોલીસને જોઇ વાલીઓ વિખેરાઇ ગયાં હતાં. અલબત્ત, વાલીઓએ પ્રશાંતના ઘરે પણ પથ્થરમારો કર્યો હતો. જેમાં તેની કારને ભારે નુકશાન થયું હતું. આ અંગે વીરપુર પોલીસે ત્રણેક વાલી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# તારાપુરમાં બે બાઈક અથડાતાં યુવકનું મોત

**સગર્ભા પત્નીને** બતાવવા દવાખાને જઇ રહેલા યુવકના મોતથી અરેરાટી

(પ્રતિનિધિ) તારાપુર તા.15

તારાપુરની અઆદત હોસ્પિટલ નજીક જ બે બાઇક અથડાતાં યુવકનું મોત નિપજ્યું હતું. ઈસરવાડાનો યુવક તેની સગર્ભા પત્નીને બતાવવા દવાખાને લાવી રહ્યો હતો.

તારાપુરના ઈસરવાડા ગામમાં રહેતા કોમલબહેન તરુણભાઈ ભરવાડને સગર્ભા છે અને સાતમો મહિનો ચાલે છે. દરમિયાનમાં 14મીના રોજ તેમને પેટમાં દુખાવો ઉપડતાં પતિ તરુણભાઈ દેવાભાઈ ભરવાડ (ઉ.વ.25)ને જાણ કરી હતી. આથી, તેઓ તુરંત સારવાર માટે બાઈક પર લઈને નિકળ્યાં હતાં. તારાપુર મોટી ચોકડી વટાવી સહાદત હોસ્પિટલ તરફ જઇ રહ્યાં હતાં. તે સમયે સામેથી પુરપાટ ઝડપે ગફલત ભરી રીતે રોંગ સાઈડે બાઇક ધસી આવ્યું હતું અને સીધું જ તરુણભાઈની બાઈક સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં તરુણભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે તરુણભાઈને મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે કોમલબહેને તારાપુર પોલીસ મથકે બાઇક નં.જીજે 23 ડી 0395 સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડાકોર નજીક વાઘ-બકરીની સાઈટ પર માટી પુરાણ બાબતે ભૂસ્તર વિભાગે તપાસ કરી

# વાઘ-બકરી ચ્હાના નવા એકમ પર ખાણ-ખનીજ વિભાગે માપણી કરી

**પરમીટ કરતા વધારે** પુરાણ મળશે તો દંડ ફટકારવામાં આવશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.15

ખેડા જિલ્લાના લાડવેલ-ડાકોર રોડ પર વાઘ-બકરી ચ્હાની એક નવી સાઈટનું નિર્માણ થઈ રહ્યુ છે. વાઘ-બકરી ચ્હાની ફેક્ટરીના નિર્માણ કાર્યમાં હાલ માટી પુરાણનું કામ ચાલુ હોય અને તે સબંધે ફરીયાદ મળતા ખાણ-ખનીજ વિભાગ સ્થળ પર દોડી ગયુ હતુ અને માપણી કર્યા બાદ જવાબદાર વ્યક્તિને માટી પુરાણની પરમીશન રજૂ કરવા આદેશ કરાયા છે.

મળતી માહિતી મુજબ ડાકોર-લાડવેલ રોડ પર ડાકોર નજીક જ એક સ્થળે વાઘ-બકરી ચ્હાની નવી ફેક્ટરીનું કામકાજ ચાલી રહ્યુ છે. અહીંયા મંજૂરી કરતા વધારે માટી ઠાલવવામાં આવી હોવાની ફરીયાદ ખાણ-ખનીજ વિભાગને મળી હતી. આ ફરીયાદના અનુસંધાને આજે ભૂસ્તર વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર ધવલભાઈ સતપૂતે અને સર્વેયરોની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. આ દરમિયાન સ્થળ પર હાજર જવાબદારોની હાજરીમાં જ ભૂસ્તર વિભાગની ટીમે જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. જ્યાં પહેલા અત્રે સ્થળ પર નાખવામાં આવેલી માટીના સ્થળની માપણી કરવામાં આવી હતી. ખાણ-ખનીજ વિભાગની ટીમ દ્વારા માપણી કર્યા બાદ અને તમામ જરૂરી નોંધ તેમજ સ્થળની સંપૂર્ણ ચકાસણી અને પંચક્યાસ કર્યા બાદ સ્થળ પર હાજર પ્રોજેક્ટ મેનેજર સાથે વાતચીત કરી હતી. જ્યાં પ્રોજેક્ટ મેનેજરને તાત્કાલિક આ માટી પુરાણ સંબધે જરૂરી પરવાનગીના કાગળો કચેરીમાં રજૂ કરવા માટે તાકીદ કરાઈ છે. આ મંજૂરીના કાગળો મળ્યેથી ખાણ-ખનીજ વિભાગ દ્વારા આજે તપાસ દરમિયાન કરાયેલી માપણી સાથે સરખામણી કર્યા બાદ તેમાં જો મંજૂરી કરતા વધારે પુરાણ મળશે, તો આ મામલે ભૂસ્તર વિભાગ દ્વારા વાઘ-બકરી ફેક્ટરીના સબંધિતોને નોટીસ આપી નિયમોનુસાર દંડ ભરવાના આદેશ કરવામાં આવશે. ખાણ-ખનીજ વિભાગના આ સપાટાના પગલે માટીના પુરાણ સાથે જોડાયેલા ઈસમો દોડતા થઈ ગયા છે. જો કે, આ સબંધે આગામી દિવસોમાં શું કાર્યવાહી થાય છે, તેની પર સૌની નજર છે.

# સરકારીકચેરીમાં 'વચેટીયા રાજ' પર 'તંત્રની ગાજ'

**સરકારી કચેરીઓની** 100 મિટરની ત્રિજ્યામાં 'નો એન્ટ્રી'

(પ્રતિનિધિ) નડિયાદ, તા.15

ખેડા જિલ્લાની સરકારી કચેરીઓ પૈકી ખાસ કરીને મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી અને સબ ડીવીઝનલ કચેરીઓ, કોર્ટ અને પોલીસ મથકોમાં વચેટીયા ઈસમોનો ત્રાસ વધ્યો હતો. સરકારી કામકાજ કરી આપવાની લાલચ આપી અરજદારોની પાસે નાણાં પડાવવાની વારંવાર ફરીયાદો ઉઠી હતી. વચેટીયા ઈસમો દ્વારા અરજદારોના વિવિધ સરકારી કામો સીધા પતાવી આપવાની ખાતરી આપી અને સરકારી કેટલાક ભ્રષ્ટ કર્મીઓનો સંપર્ક કરી અને કામો પતાવાતા હતા, આ ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં અરજદારોના કામ પતાવી આપવાનું જણાવી અને પૈસા લઈ વચેટીયાઓ છૂ થઈ જતા હતા અને વિશ્વાસઘાત કરતા હતા. આવી બાબતોને રોકવા માટે જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ ભરત જોષી દ્વારા જાહેરનામુ બહાર પાડી અને આવા અનઅધિકૃત ઈસમોનો સરકારી કચેરીઓની 100 મીટરની ત્રિજ્યામાં પ્રવેશ પર પાબંદી મુકવામાં આવી છે. તો સાથે જ આ જાહેરનામાની નકલ જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં મોકલવામાં આવી છે, તેમજ પોલીસ પ્રશાસન દ્વારા જે-તે કચેરીમાં આ જાહેરનામાનો અમલ કરાવી અને વચેટીયાઓ પર અંકુશ લેવાનો રહેશે.

# લુણાવાડામાં અદ્યતન આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રનું લોકાર્પણ કરાયું

**અંદાજિત 1.10** કરોડના ખર્ચે તૈયાર થયેલા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર આપત્તિના સમયે 24x7 કાર્યરત રહેશે

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.15

રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે લુણાવાડા જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રનું લોકાર્પણ કરાયું. અંદાજિત 110.00 લાખમાં તૈયાર થયેલ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના કોન્ફરન્સ રૂમ ,વેઈટીંગ હોલ, કલેકટર રૂમ, મામલતદાર (ડીઝાસ્ટર) રૂમ ,કંટ્રોલ રૂમ અને સ્ટાફ રૂમ બનાવેલ છે. ધરતીકંપ હોય, વાવાઝોડું હોય, પૂર હોય નાગરિકોની સુરક્ષા માટે ઈમરજન્સી ઓપરેશન સેન્ટર આપત્તિના સમયે 24x7 કાર્યરત રહીને જિલ્લાના દરેક નાગરિકની સલામતી સુનિશ્ચિત કરવાનું કામ કરશે.



જિલ્લામાં આવતી દરેક આપદાઓથી નાગરીકો અને પશુઓની સલામતી સુનિશ્ચિત કરવા ઉપરાંત રાહત બચાવ, સ્થળાંતર અને તાત્કાલિક સહાય પહોંચાડવા જેવી અનેક બાબતોનું એક જ સ્થળેથી સંકલન થઇ શકશે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર થકી પૂર, ભુકંપ, વાવાઝોડા જેવી કુદરતી આપતિઓને સમયે માહિતી અને સંદેશા વ્યવહાર દ્વારા અસરકારક અને કાર્યશ્રમ કામગીરી થય શકશે. આ ઉપરાંત ગુજરાત રાજય આપતિ વ્યવસ્થાપન સત્તા મંડળ અસરકારક આપતિ સહાય માટે માહિતી અને સંદેશા વ્યવહાર ટેક્નોલોજીને લગતા સંસાધન સાધનો અને સહાય સુનિશ્ચિત કરવા સંકટકાલીન સમયે સહાય કેન્દ્રોને એકીકૃત કરવાની સુવિધાઓ ઉપલબ્ધ થશે. મંત્રીએ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યારબાદ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ,પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ, બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ,મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથાર, લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર નેહા કુમારી, જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા, અધિક નિવાસી કલેકટર સી.વી.લટા, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, પ્રાંત અધિકારી આનંદ પાટીલ વિગેરે હાજર રહ્યાં હતાં.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

**નડિયાદ**
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225